

**‘જળ હી જીવન હૈ’ ના બદલે મોડાસા નગરપાલિકાનું સૂત્ર ‘જળ હી વ્યય કરેંગે’**

મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા શહેરના માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં ભરાતા વરસાદી પાણીની સમસ્યા નિવારવા ઠેર ઠેર ભૂગર્ભ ગટર યોજનાનું કામ ચાલી રહ્યું છે. ભૂગર્ભ ગટર યોજનાનું કામ કરનાર કોન્ટ્રાક્ટરો રોડ રસ્તાઓ આડેધડ ખોદકામ કરતા હોવાથી અને પીવાના પાણીની લાઈનમાં ભંગાણ સર્જતા પ્રજાજનો ભારે મુશ્કેલી અનુભવે છે જેનો રોષનો ભોગ નગરપાલિકાના સત્તાધારી લોકોને બનવું પડે છે.

મોડાસા શહેરના માલપુર-મેઘરજ ડીપી રોડ પર આવેલી યમુનાનગર સોસાયટીમાં ચાલતી ભૂગર્ભ ગટર યોજનામાં કોન્ટ્રાક્ટરે બેદરકારી દાખવતા પાણીની મેઈન લાઈન જેસીબીથી તોડી નાખતા હજ્જારો લીટર પાણીનો વ્યય થવાની સાથે ૨૦૦થી વધુ પરિવારોને કાળઝાળ ગરમીમાં પાણીથી ટળવળવાનો વારો આવતા સોસાયટીના રહીશોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો અને નગરપાલિકા સામે આક્ષેપ કરી જણાવ્યું હતું કે કોન્ટ્રાકટરો સાથે મીલીભગતના પગલે કોન્ટ્રાક્ટર ઉતાવળે અને હલકી કક્ષાનું કામ કરી રહ્યો હોવાનો પણ સોસાયટીના રહીશોએ સણસણતો આક્ષેપ કરતા હડકંપ મચ્યો હતો.

# પ્લાસ્ટીક બોટલ્સના રિસાયકલીંગ માટે ઠેર ઠેર રિવર્સ વેન્ડીંગ મશીન મુકાશે

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વપરાશયુકત બધા જ પ્લાસ્ટીકનું રિસાયકલીંગ કરીને પ્લાસ્ટીકથી થતું પ્રદૂષણ નિવારવાની દિશામાં ગુજરાતને અગ્રેસર રાખવાની નેમ વ્યકત કરી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, પ્લાસ્ટીક વેસ્ટમાંથી રિસાયકલ દ્વારા પર્યાવરણ બગડે નહિ તેમજ વિકાસની ગતિવિધિ સાથે પ્રદૂષણ નિયંત્રણનું પણ સંતુલન રાખવા રાજ્ય સરકાર સંકલ્પબધ્ધ છે.

વિજયભાઈ રૂપાણીએ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓની પ્રેરક ઉપસ્થિતીમાં મહાત્મા મંદિરમાં વિશ્વ પર્યાવરણ દિવસે યોજાયેલ ‘બીટ ધ પ્લાસ્ટીક પોલ્યુશન’ થીમ આધારિત પરિસંવાદને ખૂલ્લો મૂકયો હતો.

તેમણે કહ્યું કે, વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીનું યજમાન ભારત બન્યું છે ત્યારે ગુજરાત પણ પ્લાસ્ટીકના પ્રદૂષણને દૂર કરવાના અનેક ઉપાયો નવિન અભિગમો સાથે અગ્રેસર રહેવાનું છે.

મુખ્યમંત્રીએ આ અંગેની રાજ્ય સરકારની કેટલીક નક્કર યોજનાઓની પણ આ તકે ઘોષણા કરી હતી.



મુખ્યમંત્રીએ પર્યાવરણ જાળવણીથી સમૃધ્ધિ યોજના અંતર્ગત રાજ્યમાં પાણી, ઠંડા પીણા વગેરેની ‘ઈ-પ્લાસ્ટીક બોટલ્સના રિસાયકલીંગ માટે રાજ્યભરમાં મોટાપાયે રિવર્સ વેન્ડીગ મશીન ઈફર લગાવવાની જાહેરાત કરી હતી.

તેમણે ઉમેર્યુ કે, આવા મશીન મૂકવાને પરિણામે રેગ-પીકર્સ પ્લાસ્ટીક કચરો વીણનારા દરિદ્રનારાયણો, ભિક્ષુકો અને સમાજના અતિ આર્થિક પછાત લોકોને આર્થિક આધાર મળશે.

હાલ આવી બોટલ માટે બોટલ દીઠ ૩૦ પૈસા વળતર તેમને મળે છે તેમાં વધારો થઈને ૧ રૂપિયો મળતો થશે.

મુખ્યમંત્રીએ આવા ઈફરં બોટલ્સ નાખનારી વ્યકિતને પણ રૂ. ૧ નું વળતર મળશે તેમ જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યુ કે, આ યોજના માટેના ટેન્ડરીંગ અને વહિવટી પ્રક્રિયા એક સપ્તાહમાં કરી દેવાશે. આ નવતર અભિગમને પરિણામે પ્લાસ્ટિક પ્રદૂષણ નિયંત્રીત થશે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈની પ્લાસ્ટિક થેલીનો ઉપયોગ-વપરાશ સદંતર બંધ થાય તે માટેની રાજ્ય સરકારની પ્રતિબધ્ધતા વ્યકત કરતાં મુખ્યમંત્રીએ આ માટે ઉત્પાદકોને વિશ્વાસમાં લઈ વિન-વિન સ્થિતી નિર્માણ કરવાના હેતુસર તલસ્પર્શી અભ્યાસ માટે ઉચ્ચસ્તરીય કમિટીની રચના કરીને નિર્ણય કરવાનો સંકેત આપ્યો હતો.

અમદાવાદ મહાનગરને એર પોલ્યુશનથી મૂકત કરવા આ હવા પ્રદૂષણના કારણો એક ઉચ્ચકક્ષાની સમિતી બનાવી એક મહિનામાં અહેવાલ આપવા પણ તેમણે સુચવ્યું હતું.

મુખ્યમંત્રીએ પ્લાસ્ટિક હટાવ-પર્યાવરણ સ્વચ્છતા અભિયાન સમગ્ર રાજ્યમાં પાંચમી જૂનથી ૧૧મી જૂન સુધી યોજવાની જાહેરાત કરતાં કહ્યું કે, રાજ્યના તમામ મહાનગરપાલિકા, નગરપાલિકા અને તાલુકા મથકો સહિત ૪૦૦ ઉપરાંત નગરોમાં અને તેની ૨ કિલો મીટરની પેરીફેરીમાં આ અભિયાન વ્યાપક સ્વરૂપે હાથ ધરાશે.

# રાંધેજા રોડ પર બેફામ જતી કારની અડફેટે સાત વર્ષના બાળકનું મૃત્યુ

## દાદીની આંગળી પકડીને ઉભેલા બાળકને અજાણી કારે અડફેટે લઈ ૧૦ ફૂટ ઢસડયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક આવેલા આમજા ગામમાંથી દાદી તેમની પુત્રવધૂ અને બે પૌત્રને લઈને ગઈ કાલે વેવાઈના ઘરે રાંધેજા ગયા હતા. સમી સાંજે તમામ પોતાના ઘર તરફ જવા રાંધેજા રોડ પર વાહનની રાહ જોઈ રહ્યા હતા ત્યારે બેફામ ગતિએ આવેલી લાલ રંગની અજાણી કારે દાદાની આંગળી પકડીને ઉભેલા સાત વર્ષના જીવના ટુકડા સમાન તેમના પૌત્રને અડફેટે લઈ ૧૦ ફૂટ ફંગોળ્યો હતો. આ અકસ્માત કરીને અજાણ્યો વાહન ચાલક તેનું વાહન લઈને ત્યાંથી રફુચક્કર થઈ ગયો હતો. લોહીલુહાણ હાલતમાં બાળકને રાંધેજાની હોસ્પિટલમાં બતાવીને વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જો કે જ્યાં તેનું સારવાર દરમિયાન પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. દાદીની ફરિયાદને આધારે પેથાપુર પોલીસે અજાણ્યા કાર ચાલક સામે ગુનો દાખલ કરી સીસીટીવી ફૂટેજ મેળવી ફરાર થઈ ગયેલા આરોપી સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

ગાંધીનગર નજીકના આમજા ગામે રહેતા ગૌરીબેન હીરાજી ઠાકોર ગઈકાલે તમને પુત્ર વધુ સીતાબેન અને બે પૌત્રને લઈને તેમના વેવાઈના ઘરે રાંધેજા ખાતે ગયા હતા. વેવાઈના ઘરેથી સમી સાંજે ચારેક વાગ્યાના અરસામાં નીકળીને રાંધેજા રોડ ઉપર આમજા જવા માટે વાહનની રાહ જોઈને ઉભા હતા ત્યારે એક ગંભીર અકસ્માત સર્જાઈ ગયો હતો. દાદી ગૌરીબેનની આંગળી પકડીને તેમનો ૭ વર્ષિય પૌત્ર રાહુલ ઉભો હતો. તે દરમિયાન સડસડાટ આવી રહેલી લાલ રંગની અજાણી કારે રાહુલને અડફેટે લઈ લીધો હતો. રોડ ઉપર રાહુલ ૧૦ ફૂટથી દૂર ફંગોળાઈ ને પછડાયો હતો. અકસ્માત સર્જીને કાર ચાલક ત્યાંથી કાર સાથે રફુચક્કર થઈ ગયો હતો ગંભીર રીતે ઘાયલ થયેલા રાહુલને તાત્કાલિક રાંધેજાની સ્થાનિક હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયો હતો જો કે તેની હાલત ગંભીર હોવાથી તાત્કાલિક ત્યાંથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જો કે ત્યાં સુધીમાં સાત વર્ષીય રાહુલનું પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. રાહુલના મૃત્યુના સમાચારથી પરિવારમાં શોકની કાલીમાં છવાઈ ગઈ હતી. દાદી ગૌરીબેનની ફરિયાદને આધારે પેથાપુર પોલીસે અજાણ્યા કાર ચાલક સામે ગુનો દાખલ કરી આ રોડ પરના તમામ સીસીટીવી ફૂટેજની તપાસ શરૂ કરી છે. એક સીસીટીવી ફૂટેજમાં કાર દેખાઈ રહી છે પરંતુ તેનો નંબર ક્લિયર દેખાતો નથી. પ્રાથમિક દષ્ટિએ આ કાર મારૂતિ વાન હોવાનું જાણવા મળી રહ્યું છે. પેથાપુર પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

## બનાસ ડેરી ખાતે પર્યાવરણ દિનની ઉજવણી

પાલનપુર, તા. ૫

પર્યાવરણની જાળવણી વતર્માન સંજોગોમાં અનિવાર્ય બની ગઈ છે. હાલના સમયમાં સમગ્ર માનવ સમાજને ભૌતિક સગવડોમાં સુખ દેખાય છે, તેને પ્રાપ્ત કરવા માટે કુદરતી સંપત્તિને નુકસાન પહોંચાડવામાં આવે છે તેના પરિણામે ગ્લોબલ વૉર્મિંગની સમસ્યા ઉભી થાય છે અને વિનાશની ઘડીને નોતરવામાં આવે છે તેથી જીવ સૃષ્ટિ સામે ખતરો ઉભો થયો છે. વૃક્ષો ઉગાડવામાં આવે તો વન્ય જીવને પણ રક્ષણ મળે છે અને પૃથ્વી પર ગ્લોબલ વૉર્મિંગની સમસ્યા હળવી કરી શકાય તેમ છે. આ અંગે લોકજાગૃતિ આવે તે હેતુથી તા. ૫-૬-૨૦૧૮ના દિવસે બનાસ ડેરી ખાતે ‘પ્લાસ્ટિક પ્રદૂષણ મુક્ત વિશ્વ’ થીમ પર વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરાઈ હતી.



શહેરના સે-૨૨ યુવા ગ્રુપ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જયરાજસિંહ ચાવડા, જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ રાજનસિંહ ચાવડા, ધવલ દવે, રણવીરસિંહ રાઠોડ સહિત યુવાનો હાજર રહ્યા હતા.

# ઓએનજીસી મહેસાણા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ

મહેસાણા જિલ્લામાં ઓ.એન..જી.સી મહેસાણા એસેટ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા કલેકટર એચ.કે. પટેલ સહિત ઓ.એન.જી.સીના કર્મચારીઓ દ્વારા રસ્તા પર પ્લાસ્ટીક દુર કરવાનું અભિયાન હાથ ધરાયું હતું.




ઓ.એન.જી.સીના વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા કલેકટર એચ.કે. પટેલે જણાવ્યું હતું કે ૫ જુનથી ૧૧ જુન દરમિયાન પ્રભાત ફેરી, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, બીજ રોપણી, પ્લાસ્ટીક પ્રદુષણ દુર કરવાના, કાર્યક્રમો હાથ ધરવામાં આવનાર છે. જાહેર જનતાને આ કાર્યક્રમોમાં ઉત્સાહ સાથે પર્યાવરણની જાળવણી કરવા જિલ્લા કલેકટરે અપીલ કરી હતી.

જિલ્લા કલેકટરે જણાવ્યું હતું કે બેચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા ટોકન સ્વરૂપે કાપડની થેલી ગ્રાહકો અને વેપારીઓને આપવાની છે. વેપારીઓ અને ગ્રાહકો પ્લાસ્ટીકની થેલીઓથી મુક્ત બને તે દિશામાં ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા સરકારના અભિયાન અંતર્ગત કામ કરવામાં આવનાર છે. જિલ્લામાં નિયત કરેલ ગામો અને શહેરોમાં પ્રવેશદ્વાર, જાહેર સ્થળો, ધાર્મિક સ્થળો, મુખ્ય માર્ગોની સફાઈ, શાકભાજી બજાર, બસ સ્ટેન્ડની સાફ-સફાઈ તથા પ્લાસ્ટિક અને અન્ય રિસાઈકલ્સ કરી શકાય તેવો કચરો છૂટો કરવામાં આવનાર છે.

# ૨૧મીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાશે

## અમદાવાદમાં રાજયકક્ષાની ઉજવણી સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે થશે

અમદાવાદ, તા. ૫

૨૧મી જૂન-આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ સરદાર પટેલ સ્ટેડિયમ, અમદાવાદ ખાતે યોજાશે. આજે કલેક્ટર કચેરી ખાતે યોગ દિવસની ઉજવણીના સંદર્ભમાં વેચાણ વેરા કમિશનર પી.ડી. વાઘેલાના અધ્યક્ષપદે બેઠક યોજવામાં આવી હતી. સમગ્ર સમારોહ ગૌરવપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે વિવિધ વિભાગો તથા અધિકારીઓને સંકલનની જવાબદારી સોંપવામાં આવી હતી. આ બેઠકમાં મ્યુનિસપલ કમિશનર મુકેશકુમાર, યુવક, સેવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ વી.પી. પટેલ, નિયામક સતીષ પટેલ, કલેક્ટર ડૉ. વિક્રાંત પાંડે, અધિક નિવાસી કલેક્ટર મેહુલ દવે સહિત અમદાવાદ મહાનગરપાલિકાના તેમજ જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શહેરભરમાંથી ઉપસ્થિત રહેનાર યોગસાધકોને તેમજ શાળા કોલેજો, સ્વૈચ્છિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને યોગ દિવસ માટે તાલીમ મળે તે માટે સઘન આયોજન જિલ્લા શિક્ષણાધિકારીની આગેવાની હેઠળ હાથ ધરવામાં આવ્યું છે. સાથો સાથ યોગસંસ્થાઓના સહયોગથી શહેરમાં વિવિધ બાગ-બગીચાઓમાં નિયમિતપણે યોજાતી યોગશિબિરોમાં પણ આ તાલીમનો લાભ મળે તેનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ ઉજવણીમાં શહેર-રાજયની સ્વૈચ્છિક-સેવાભાવી સંસ્થાઓ ઉપરાંત પ્રજાજનો પણ સહભાગી થશે.



રાજસ્થાન સરકાર તરફથી શાન એ રાજસ્થાન એવોર્ડથી સન્માનિત દિલ હૈ હિન્દુસ્તાની અને એક્સ-ફેક્ટરના ફાઈનાલિસ્ટ બાડમેર રાજસ્થાનના વિશ્વવિખ્યાત ફકીરા-ખેતા ગ્રુપના ખેતા ખાન, જાકીર ખાન અને ગ્રુપ આજે ગાંધીનગર ખાતે એડવોકેટ અશ્વિનભાઈ ત્રિવેદીના મહેમાન બન્યા હતા અને પારિવારિક મિત્રો સાથે રાજસ્થાની લોકનૃત્યો અને ડાયરાની મોજ માણી હતી. ઉલ્લેખનીય છે કે ફકીરા-ખેતા ગ્રુપે વિશ્વના ૧૦૦ દેશોમાં રાજસ્થાની લોકગીતોનો પ્રસાર કર્યો છે.


## કંપની સમાચાર

### ડિએચએલ દ્વારા ભારતભરમાં નવીનતમ માર્ગ પરિવહનની રજૂઆત

ડ્યુએટ્ચ્ પોસ્ટ ડિએચએલ ગ્રુપ (ડિપીડીએચએલ), દુનિયાની અગ્રણી મેઈલ અને લોજીસ્ટીક કંપની, આજે જાહેર કરે છે તેના ડિએચએલ સ્માર્ટ ટ્રકીંગની, જે ભારતમાં નવીનતમ ટ્રકીંગ સોલ્યુશન્સ વિસ્તૃત રેખા અંતરના માર્ગ નેટવર્ક પર પુરું પાડશે. ડિએચએલ સ્માર્ટ ટ્રકીંગ એ કંપનીની પહેલી અધિકૃત પગલું છે જે દુનિયામાં ટેક્નોલોજી આધારીત લોજીસ્ટીક સોલ્યુશન્સને જોર આપશે, જે તેના નવા બનાવેલ બોર્ડ ડિપાર્ટમેન્ટ, કોર્પોરેટ ઈન્ક્યુબેશન્સ, જેની આ વર્ષે અપ્રીલમાં શરૂઆત થઈ હતી. કંપનીએ નીરજ બંસલને પણ સીઈઓ, ડિએચએલ સ્માર્ટટ્રકીંગ માટે નિમણુંક કર્યા છે જે ભારતમાં કંપનીની વૃદ્ધિ માટે જવાબદાર રહેશે.

ભારત નિસંકોચપણે ડ્યુએટ્ચ્ પોસ્ટ ડિએચએલ ગ્રુપ માટે મહત્વનું બજાર છે. હાલમાં, રોડ નુર દ્વારા મોટાભાગની નૂરનું પરિવહન થાય છે અને તે ભારતનું સૌથી સારું પરિવહન ક્ષેત્ર છે. તેમ જ્યુરજેન જેરડેસ, બોર્ડ મેમ્બર ઓફ કોર્પોરેટ ઈન્ક્યુબેશન્સ, ડ્યુએટ્ચ્ પોસ્ટ ડિએચએલ ગ્રુપ. ડિએચએલસ્માર્ટ ટ્રેકીંગની સારી કાર્યક્ષમતા સાથે, અમે ૧૦૦,૦૦૦ ટન કાર્ગોનું પરિવહન કરવાની અપેક્ષા રાખીયે છે અને આશરે ૪ મીલીયન કી.મી.ને આવરી લેવાની ઈચ્છા દર્શાવીયે છે.

ડિએચએલ સ્માર્ટટ્રકીંગ સોલ્યુશન્સ ટેક્લોગનું સંક્ષિપ્ત છે - જેને લોજીસ્ટીકને નવી અને ઉભરી રહેલી ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા સ્માર્ટર બનાવી છે. ત્રણ મહિનાના સફળ પાઈલોટ દ્વારા જેને ૨૭૭૦૦૦૦ કી.મી. આવરી લીધા હતા, ડિએચએલ સ્માર્ટ ટ્રકીંગ ઈન્ટરનેટ ઓફ થીંગ્સ ટેક્નોલોજી અને ડેટાથી ચલીત ઈનસાઈટ્સનો રૂટ આપ્ટીમાઈઝેશન માટે ઉપયોગ કરે છે. આ પરંપરાગત ટ્રકીંગ ક્ષેત્રમાં ઉપયોગ થતી પદ્ધતિ કરતાં પરિવહનનો ૫૦ ટકા સુધીનો સમય ઘટાડે છેઅને ઉપયોગમાં સરળતા, અંતથી અંત સુધીના વિતરણની દશ્યતા, તાપમાન-નિયંત્રિત ક્ષમતાઓ અને રીઅલ-ટાઈમ ટ્રેકિંગ સાથે ૯૫ ટકા વિશ્વસનીયતા પૂરી પાડે છે.


### કેસ મળ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૯, સે. ૧૩માંથી ૩૯ અને સે. ૧૪માંથી ૭ કેસ તાવના મળી આવ્યા છે. સેક્ટરોમાં તાવના જે કેસો મળ્યા છે તે ચિંતાજનક છે. જોકે આરોગ્ય વિભાગના સૂત્રોનું કહેવુ છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. તાવના કારણો ઘણા બધા હોઈ શકે છે.

શહેરી મેલેરિયા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન ૨૬,૨૦૪ પાત્રોની ચકાસણી કરવામાં આવી હતી. જેમાંથી ૧૫૬ પાત્રોમાં ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરના બ્રિડીંગ મળી આવતાં તંત્ર દ્વારા તાત્કાલિક પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે તાવના મળેલા કેસો અને મચ્છરોના બ્રીડીંગની સંખ્યાને લઈ સર્વેલન્સ સઘન બનાવવાની સૂચનાઓ આપવામાં આવી છે. ૪થી જુનથી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ છે. જે ૯મી જુન સુધી ચાલવાનુ છે જે ઉલ્લેખનીય છે.

### ઉકળાટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એવી છે કે અહીં સાંજે સુર્યાસ્ત બાદ પણ ઠંડક થતી નથી. દરિયાકાંઠો ખૂબ દૂર હોવાથી અહીં પવનો ફુંકાતા ન હોવાથી રાત્રે પણ અહીં ખૂબ ગરમી થાય છે. વરસાદ પહેલા ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં ગરમી તેની ચરમસીમાએ પહોંચી છે. આકાશમાંથી જાણે અગનગોળા ફેંકાતા હોય તેવી ગરમી પડી રહી છે. મહત્તમ તાપમાન છેલ્લા કેટલાય દિવસોથી ૪૨ થી ૪૪ ડિગ્રીની વચ્ચે રહ્યુ છે. આજે પણ ૪૨ ડિગ્રી તાપમાન સાથે ગાંધીનગરમાં આકરી ગરમી પડી હતી. જેના પરિણામે વસાહતીઓ હેરાનપરેશાન થઈ રહ્યા છે. છેલ્લા કેટલાય દિવસોથી પડી રહેલી આકરી ગરમીના પરિણામે કંટાળેલા વસાહતીઓ હવે વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. બફારાએ માઝા મુકી હતી. વસાહતીઓ પરસેવે રેબઝેબ બની ખૂબ અકળાયા હતા. આજે મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૩૦ ડિગ્રી રહ્યુ હતુ જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૬૭ ટકા અને સાંજે ૩૩ ટકા રહ્યુ હતુ.

### દોડધામ વધી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવી દીધી છે અને તેઓ બહુ ઉતાવળમાં નથી પરંતુ પરિસ્થિતિ કેવી આકાર લે છે તેના પર પક્ષના આગેવાનો સાથે પરામર્શમાં રહી આગળ વધવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના બે જૂથ હતા પરંતુ હવે આ જૂથો વેરવિખેર થઈ જવા પામ્યા છે. નવુ જૂથ આકાર લેશે કે કેમ ? તેની સામે પણ પ્રશ્નાર્થ છે. જો કે આ ચૂંટણી માટે ૪થી વધુ ધારાસભ્યો પણ રસ ધરાવી રહ્યા હોવાથી ચૂંટણીજંગ રોચક બનશે તેમ લાગી રહ્યુ છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા તેના ચૂંટાયેલા સદસ્યોની બેઠક આ સપ્તાહના અંત સુધીમાં બોલાવવામાં આવશે અથવા ૧૧મી પછી સભ્યોની સેન્સ લેવાની કાર્યવાહી હાથ ધરાશે તેમ મનાઈ રહ્યુ છે.

### હા... સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પર્યાવરણ સાથે જ જોડાયેલી છે તેનો આદર કરીએ..! અને પ્રદુષણ પ્રસરાવતા પ્લાસ્ટીકને દેશવટો આપીએ..! અને સાહેબ ભાષણો તમારે જે કરવા હોય તે કરો અમારી ના નથી... પણ ફોટા પડાવ્યા કે છપાવ્યા વિના વર્ષના પાંચ વૃક્ષ વાવીને ઉછેરો તો હોર્ડીંગ્સ-પોસ્ટરના ખર્ચા બચી જશે..!”

“અરે વાહ..! દિલની વાત ચોરી લીધી..!! આપણે સૌ પર્યાવરણની સમતુલા માટે આપણી જવાબદારી પ્રમાણિકતાથી બજાવીએ એ જ પર્યાવરણ દિવસની ઉજવણીનો હેતુ છે... અને હાર્દ છે..!! ખરૂને સાહેબ..!?!”

“હા...હા... સાહેબ..!”

### શશી થરૂર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મંગળવારના દિવસે દિલ્હી પોલીસે ૩૦૦૦ પાનાની ચાર્જશીટ કોર્ટમાં દાખલ કરી હતી જેના આધાર પર કોર્ટે શશી થરુરને આરોપી તરીકે ગણ્યા છે. આ મામલામાં અનેક વખત કોંગ્રેસી નેતાની લાંબી પુછપરછ પણ થઈ ચુકી છે. કોર્ટે એમ પણ કહ્યું છે કે, સુનંદા પુષ્કરના મોતના મામલામાં શશી થરુર સામે કેસ ચલાવવા માટે પુરતા આધાર અને પુરાવા છે. કોર્ટે દિલ્હી પોલીસને પ્રશ્ન કરતા કહ્યું છે કે, ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીની અરજી ઉપર દિલ્હી પોલીસ જવાબ દાખલ કરવા ઈચ્છે છે કેમ. જો કે, દિલ્હી પોલીસના વકીલનું કહેવું છે કે, આવું કરવાની બાબત હાલમાં વહેલીતકે રહેશે. સુબ્રમણ્યમ સ્વામી સુનંદા પુષ્કરના મોત બાદથી કોંગ્રેસ સાંસદ શશી થરુર ઉપર આક્ષેપબાજી કરતા રહ્યા છે. સ્વામીનું તો એમ પણ કહેવું છે કે, સુનંદાની હત્યામાં શશી થરુરનો હાથ રહેલો છે. આ મામલામાં દિલ્હી પોલીસે પટિયાલા હાઉસ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી છે. સુનંદા ૧૭મી જાન્યુઆરી ૨૦૧૪ના દિવસે ચાણક્યપુરી સ્થિત ફાઈવસ્ટાર હોટલ લીલા પેલેસના મકાન નંબર ૩૪૫માં મૃત હાલતમાં મળી આવી હતી. મોતને પહેલા આત્મહત્યા તરીકે ગણાવવામાં આવી હતી પરંતુ એક વર્ષ બાદ વિસરા રિપોર્ટ આવ્યા બાદ પોલીસે વણઓળખાયેલા લોકોની સામે હત્યાની કલમો ઉમેરીને તપાસ હાથ ધરી હતી.

### મંદીનું મોજુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નાણાંકીય વર્ષ ૨૦૧૮ના ચોથા ત્રિમાસિક ગાળા (જાન્યુઆરી-માર્ચ) માટેના દેશના જીડીપી ગ્રોથ રેટના આંકડા ગયા ગુરૂવારના દિવસે જારી કરવામાં આવ્યા હતા. જીડીપી ગ્રોથ રેટ ૭.૭ ટકા રહ્યો છે જે નોટબંધી બાદથી સૌથી ઉંચો દર છે. સરકારને આનાથી મોટી રાહત થઈ છે. ભારતે આ મામલામાં ચીનને પણ પછડાટ આપી દીધી છે.ચીનનો ગ્રોથ રેટ ૬.૮ ટકાનો રહ્યો છે. સંપર્ણ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે ગ્રોથરેટ ૬.૭ ટકાનો રહ્યો છે.

### ગામડા બંધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે કે, હડતાળ ૧૦મી જૂન સુધી ચાલશે. આવતીકાલે દિલ્હીમાં મળનારી બેઠકમાં ભાવિ રણનીતિ તૈયાર કરાશે. છુટાછવાયા પ્રિ-મોનસુની વરસાદી ઝાપટા પડી રહ્યા છે જેથી વાવણી માટે સારા સંકેત છે. હડતાળના લીધે કિંમતો પણ સતત વધી રહી છે. સ્થિતી હજુ વધારે ગંભીર બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ખેડુતો તેમની લોન માફી સહિતની જુદી જુદી માંગને લઈને મક્કમ બનેલા છે. જેથી તેઓ તેમની પેદાશોને લઈને મક્કમ બનેલા છે. જાહેરમાં શાકભાજી અને દુધ સહિતની ચીજોને ફેંકી રહ્યા છે પરંતુ શહેરી વિસ્તારોમાં ચીજો મોકલી રહ્યા નથી. સરકારના નિયમો સામેના વિરોધમાં શાકભાજી, દુધ, અન્ય જીવન જરૂરી ચીજવસ્તુઓ ખેડૂતો જાહેર રસ્તાઓ ઉપર ફેંકી રહ્યા છે. સાથે સાથે શહેરોમાં સપ્લાય પણ રોકી ચુક્યા છે. ૧૦ દિવસના ખેડૂત આંદોલનની શરૂઆત થઈ હતી. જેના ભાગરૂપે કેન્દ્રની ખેડૂત વિરોધી નીતિઓના સામેના વિરોધમાં જુદા જુદા શહેરોમાં ખેડૂતો શાકભાજી, ફળફળાદી, દુધ અને અન્ય વસ્તુઓનો પુરવઠો અટકાવી ચુક્યા છે. જોકે કૃષિ પેદાશોની કિંમતો પર તરત અસરદેખાઈ નથી પરંતુ આજે કેટલાક શહેરોમાં છુટક શાકભાજીની કિંમતોમાં વધારો થયો હતો. પ્રતિ કિલો ૧૦ થી ૨૦ રૂપિયાનો વધારો થઈ ગયો હતો. ચંદીગઢથી પ્રાપ્ત અહેવાલ મુજબ ટામેટાની કિંમત વધીને ૨૦ થી ૨૫ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. જે હાલમાં ૧૦ થી ૧૫ રૂપિયા હતી. ખેડૂતોના આંદોલનના લીધે શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા હતા. શાકભાજી અને દુધના પુરવઠાને પણ માઠી અસર થઈ રહી છે.

### ઘરનું ઘર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જાણવા મળ્યું છે કે, લોકોને જનધન યોજના માધ્યમથી તેમના જનધન ખાતામાં સીધી સબસિડી પહોંચાડવાથી કામ થઈ રહ્યું નથી. જનધન ખાતામાં એક વર્ષના ગાળામાં માત્ર એક લાખ રૂપિયા ટ્રાન્સફર કરી શકાય છે અને સાથે સાથે આ ખાતામાં એક વખતમાં ૫૦૦૦૦ રૂપિયાથી વધારેની લેવડદેવડ થઈ શકતી નથી. ઉત્તર પ્રદેશ સરકારના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, છેલ્લા એક વર્ષના ગાળામાં ઉલ્લેખનીય કામગીરી થઈ રહી છે. છેલ્લા એક વર્ષમાં બીજા રાજ્ય મધ્યપ્રદેશમાં ૬૦૦૦૦૦ મકાનનું નિર્માણ થયુંછે. રાજસ્થાન અને છત્તીસગઢમાં ૩૫૦૦૦૦-૩૫૦૦૦૦ મકાનોનું નિર્માણ થયું છે. આ યોજના હેઠળ ૪૦ લાખથી વધારે ઘરોનું નિર્માણ કામ પૂર્ણ કરાયું છે. ૨૦૧૬માં પ્રધાનમંત્રી આવાસ યોજના લોંચ કરાઈ હતી જેની ડેડલાઈન માર્ચ ૨૦૧૯ રાખવામાં આવી છે.